## જન્મદિને વધામણી



**મયંક દવે**
ટ્રસ્ટી, સુરમધુર કલાવૃંદ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૨૨૭૨૬



**મૂળજીભાઈ પરમાર 'દધિ'**
કટાર લેખક, ગાંધીનગર સમાચાર
મંત્રી, ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



**જગદીશભાઈ પટેલ**
મો. ૯૯૭૮૫ ૪૭૯૮૯



**તુષાર જગદીશચંદ્ર દવે**
પ્રમુખ, સંસ્કાર ગૃપ
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨



**ગુણવંતભાઈ બી પરમાર**
મો. ૯૯૦૪૮ ૪૯૧૯૪



**મોઈનરઝા મહંમદહબીબ શેખ**
મો. ૯૩૨૭૩ ૮૪૯૬૭

# શહેરમાં સંસ્કૃત સંમેલનો યોજાયાં



ગાંધીનગર, તા. ૩૧

સંસ્કૃત ભારતી, ગાંધીનગર તરફથી સૅક્ટર-૨૮ બ્રહ્માકુમારીઝ સહિત શહેરનાં વિવિધ ૧૦ સ્થળોએ ભાષાપ્રેમીઓને સંસ્કૃતનું શિક્ષણ પ્રદાન કરવા સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી, જેના સમાપનમાં બ્રહ્માકુમારીઝ, સૅક્ટર-૨૮ના પીસ પાર્ક હૉલમાં સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહના અધ્યક્ષ તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના મહેન્દ્ર ત્રિવેદી, માનવ અધિકાર આયોગનાં મીરા રામનિવાસ, મુખ્ય વક્તા તરીકે ગાંધીનગરના નિવૃત્ત પ્રાધ્યાપક રશ્મિકાંત મહેતા, સંસ્કૃત ભારતી, ગુજરાતના કૃષ્ણપ્રસાદ નિરોલા અને બ્રહ્માકુમારીઝ, ગાંધીનગરનાં સંચાલિકા કૈલાશદીદી ઉપસ્થિત રહ્યાં હતાં.

મીરા રામનિવાસે જણાવ્યું હતું કે આજે બોલાતી ભાષાઓમાં વ્યાકરણ અને શબ્દાવલિ સંસ્કૃતમાંથી આવી છે. વળી, હિન્દી, પ્રાકૃત જેવી ઘણીખરી ભાષાઓ સંસ્કૃતમાંથી ઉદ્ભવી છે.

સંસ્કૃત ભાષા એ મહાસાગર છે અને જાપાની તથા ફ્રેન્ચ ભાષાઓમાં પણ સંસ્કૃતના ઘણા શબ્દો જોવા મળે છે. સંસ્કૃત એ વૈજ્ઞાનિક ભાષા છે અને તેમાં સૌષ્ઠવ છે, લાલિત્ય છે, તેનું શિક્ષણ સૌએ લેવું જોઈએ એવી હિમાયત તેમણે કરી હતી.

# ગાંધીનગરનું ગૌરવ રાષ્ટ્રપતિ ભવનમાં





રાષ્ટ્રપતિભવન ખાતે રાઈટર્સ ઈન રેસિડન્સ પ્રોગ્રામ ૧૨ થી ૨૬ માર્ચ દરમિયાન યોજાયો હતો. આ પ્રોગ્રામ માટે ધ્વનિલ પારેખ (ગાંધીનગર, ગુજરાત), બિનોદ ઘોષાલ(પ.બંગાળ), જયશ્રી બોરો(આસામ) અને સિતાંશુ ગુપ્તમૌર્ય(આર્ટિસ્ટ,લખનૌ)ની પસંદગી થઈ હતી. બે અઠવાડિયાનાં આ પ્રોગ્રામ દરમિયાન સમગ્ર રાષ્ટ્રપતિભવનની ગતિવિધિ અને તમામ વિભાગોનો સુપેરે પરિચય થયો હતો. ધ્વનિલ પારેખે પોતાનું પુસ્તક 'અંતિમ યુદ્ધ' રાષ્ટ્રપતિને ભેટ ધર્યું હતું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે પણ મુલાકાત કરી હતી.

### સડક સુરક્ષા કમિટી અને બી પી કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનના સંયુક્ત ઉપક્રમે

# ટ્રાફિક જાગૃતિ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીઍ) માં આજે યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યનાં ગૃહમંત્રી રજનીકાંતભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને ટ્રાફિકના સામાન્ય નિયમોનું પાલન કરી 'સલામત ગુજરાત'ના વિચારને મૂર્તિમંત કરવા આહ્વાન કર્યું હતું.

શહેરનાં પ્રથમ નાગરિક હંસાબેન દ્વારા પણ યુવાનોને નિયમનું પાલન કરી ગાંધીનગર શહેરને સમગ્ર રાજ્યમાં અગ્રગણ્ય શહેર બનાવવાની નેમ વ્યક્ત કરવામાં આવી હતી.

સંસ્થા નાં ચેરમેન તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલય નાં પ્રેસીડેન્ટ વલ્લભભાઈ ઍમ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં ટ્રાફિક બાબતે જાગૃતિ કેળવાય તે બાબતમાં ઉંડો રસ દાખવ્યો હતો. સડક સુરક્ષા કમિટીનાં ચેરમેન મોહિતભાઈ શાહ દ્વારા પ્રસંગોચીત વક્તવ્ય આપવામાં આવ્યુ હતુ. કડી યુનિવર્સિટીનાં ડિરેક્ટર ડી. ટી. કાપડિયા સાહેબે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રેરક ઉદ્બોધન કર્યું હતું તેમજ યૂનિવર્સિટી દ્વારા વિદ્યાથીઓ નાં હીતાર્થે ચાલતી વિવિધ યોજનાઓ ની માહિતી આપી હતી. આજે અકસ્માતે મૃત્યુઆંક વધ્યો છે. તેમજ તેનાથી કેટલા પરિવારો ની જિંદગી વેરવિખેર થયી જાય છે તે બાબતે આગાહ કર્યા હતા. આ કાર્યક્રમમાં ચાવી રૂપ પ્રવચન આપવા માટે પી. આઈ. પી.સી.વાલેરા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી માહિતી આપી હતી, જેનાથી અકસ્માત નિવારી શકાય તેમજ દરેક નાગરિક ખુશ ખુશાલ જીંદગી જીવી શકે. કૉલેજ નાં આચાર્ય ડૉ. રમાકાંત પ્રસ્ટી સાહેબે જણાવ્યુ હતુ કે કૉલેજ વર્ષ દરમ્યાન પોતાની સામાજીક જવાબદારી સમજી આવા અનેક કાર્યક્રમો નું આયોજન કરતી રહે છે.

કમિટિમાં જવાબદારી નીભાવનાર તમામ વિદ્યાર્થીઓને આ પ્રસંગે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. સર્ટિફિકેટ ઍનાયત કરવા માં આવ્યા હતા.

# ગણપત યુનિવર્સિટીના 'નિયામક' હવે 'મહાનિયામક' તરીકે ઓળખાશે

ગાંધીનગર, તા. ૩૧

ગણપત યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૧૬ને વિધાનસભા ખાતે વિના વિરોધે પસાર કરવામાં આવ્યું હતું. ઉચ્ચશિક્ષણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ ગણપત યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયકની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ગણપત યુનિવર્સિટી, ખેરવા, જિલ્લો-મહેસાણાને યુનિવર્સિટીનો દરજ્જો આપવની જોગવાઈ માટે ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ અધિનિયમિત કર્યો છે. આ સુધારા વિધેયકને લઈ ચોક્કસ ફેરફારો તજજ્ઞ સમિતિના નિર્ણયના આધારે કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, 'નિયામક'ના નામાભિધાનના સ્થાને 'મહાનિયામક' ના સુધારો કરવામાં આવ્યો છે. આ નામાભિધાનથી પત્રવ્યવહારથી લઈ વહીવટી સરળતા થશે. ગણપત યુનિવર્સિટીમાં અત્યાર સુધી ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે અને હાલમાં ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ એન્જીનીયરીંગની વિવિધ વિદ્યા શાખાઓમાં અભ્યાસ કરી રહ્યા છે.

યુનિવર્સિટીના ઉદ્દેશોમાં વિદ્યમાન અભ્યાસક્રમોમાં ડિઝાઈનીંગ, સ્થાપત્ય (આર્કિટેકચર), નર્સિંગ, રમતગમત (સ્પોર્ટ્સ) કૃષિ વન વિજ્ઞાન (ફોરેસ્ટ્રી) અને મત્સ્યોદ્યોગ જેવા અમુક અભ્યાસક્રમો ઉમેરવામાં આવશે.

યુનિવર્સિટી, યુ.જી.સી, એ.આઈ.સી.ટી.ઈ., એમ.સી.આઈ. વગેરે જેવી નિયમનકારી સંસ્થાઓની પરવાનગી લઈને રાજ્યની અંદર ઓફ-કેમ્પસ સેન્ટર્સ, અભ્યાસ કેન્દ્રો (સ્ટડી સેન્ટર્સ) અને પરીક્ષા કેન્દ્રો સ્થાપી શકે તેવો સુધારો કરાયો છે. આ અધિનિયમની જુદી જુદી કલમોમાં ચોક્કસ પારિણામિક સુધારાઓ સાથે યુનિવર્સિટીના તમામ ડીનનો, એકેડેમિક કાઉન્સિલના સભ્યો તરીકે સમાવેશ કરાશે.

### સી એન આટ્ર્સ એન્ડ બી ડી કોમર્સ કોલેજ ખાતે

# આનર્ત ગુજરાતી અધ્યાપક સંઘનું ૧૫મું વાર્ષિક અધિવેશન યોજાયું



ગાંધીનગર, તા. ૩૧

શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી.એન.આટ્ર્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના ગુજરાતી વિષયના અધ્યાપકોનું ૧૫મું વાર્ષિક અધિવેશન મંગળવારે કોલેજના નવીન વાતાનુકૂલિત હોલમાં કડી કેળવણી મંડળના પ્રમુખ સી.આર. શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું.

સમારંભને દીપ પ્રગટાવીને જાણીતા યુવા ઉદ્યોગપતિ સૌરીનભાઈ પરીખે ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે જાણીતા સાહિત્યકાર અને ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડથી પુરસ્કૃત તથા ઉત્તર ગુજરાતના પનોતા પુત્ર રઘુવીર ચૌધરી તથા 'સામે કાંઠે તેડાંના કવિ, નિવૃત અધિક માહિતી નિયામક દલપત પઢિયાર ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન પદે એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડીના પ્રમુખ સુભાષભાઈ આર. શાહ તથા એકેડેમિક સ્ટાફ કોલેજ, અમદાવાદના પૂર્વ નિયામક અને સી.એન. આટ્ર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો. ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે હાજરી આપી હતી. અતિથિ વિશેષ પદે કડી નગરપાલિકા કડીના પ્રમુખશ્રી કનુભાઈ પટેલ, ડૉ. રજનીકાંતભાઈ શાહ, જયંતીભાઈ શાહ (ઉપપ્રમુખ - એમ. પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડી) તથા જશુભાઈ કંદોઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સોસાયટીના મંત્રીશ્રી નલીનભાઈ શાહ, દેવાંગભાઈ દેસાઈ તથા અશ્વિનભાઈ પરીખની આ સમારંભમાં પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તો કારોબારી સભ્યશ્રીઓ શ્રી રાજુલભાઈ પરીખ, શ્રી જયદીપભાઈ બ્રહ્મભટ્ટ અને શ્રી અબ્દુલભાઈ દલાલે ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો.

ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને પધારેલા શ્રોતાઓનું કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જી.ડી. ત્રિપાઠીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ સમારંભમાં ભગીની સંસ્થાના પ્રિન્સીપાલ ડૉ. હીનાબેન પટેલ, ડૉ. પ્રકૃતિબેન મોટકા, દીપકભાઈ પટેલ તથા ઝવેરી આર. ટી. હાઈસ્કૂલના પ્રિન્સીપાલ પંડ્યા સાહેબ, ભરતભાઈ મોદી તથા સાધનાબહેન, લઘુકથાકાર રમેશ ત્રિવેદી, કેશુભાઈ પટેલ (નિયામકશ્રી, આદર્શ વિદ્યાલય) વાર્તાકાર રમેશ ર. દવે, કનુભાઈ ખડદિયા (પ્રમુખ- AGAS) ઉપસ્થિત રહ્યા હતા. AGAS ના પીએચ. ડી. પૂરું કરનાર તથા પીએચ. ડી. ગાઈડ થયેલ અધ્યાપકોનું આ પ્રસંગે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ ગુજરાતીના અધ્યાપકશ્રી ડૉ. ગણપત સોઢાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જયંતીભાઈ ચાવડાએ કર્યું હતું.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હેન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
રૉકી હેન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫

# સંગીતથી સંજીવની... સંગીત મન કો પંખ લગાયે, ગીતોં સે રીમઝીમ રસ બરસાયે

**યુફોનિઅસ હીલીંગ મ્યુઝીક થેરપી... અનિદ્રાથી એસિડિટી સુધી સૌમાં અકસીર ઈલાજ એવા રાગથી રોગો પર ઉપચારમાં ડૉ. કેદાર ઉપાધ્યાય, ડૉ. પાર્થ માંકડ અને રેડિયો મિર્ચી ફેમ આર જે ધ્વનિતે સંગીત સાંભળો અને સ્વસ્થ રહો માટેનો સંગીતમય સેમિનાર કર્યો**





કૃષ્ણની વાંસળીના સૂરથી ગોપીઓ મંત્રમુગ્ધ બની તેમની પાસે ખેંચાઈ આવતી હતી એવી લોકવાયકા સત્ય તરીકે સ્વિકારવી પડે એવી સંગીતમાં તાકાત છે... સુભદ્રાએ સાંભળેલી સાત કોઠાની વાત ગર્ભમાં રહેલા અભિમન્યુએ આત્મસાત કર્યાની વાત પણ માની લેવી પડે.... બૈજુ બાવરા રાગ મેઘ મલ્હાર ગાય અને વાદળાં ધસી આવે કે પછી તાનસેન રાગ દિપક ગાય અને દિવા પ્રગટી ઊઠે કે વડનગરની બહેનો તાના-રીરી રાગ મેઘ મલ્હાર ગાય અને વરસી પડેલા વાદળાની ધારાથી તાનસેનની આગ શમી જાય, આ બધાં સંગીતના શ્રેષ્ઠ દાખલા છે...

મગજની નર્વસને શાંત કરી સુખ, દુખ, પીડા, યાતના બધું ભૂલાવી દીધું સંગીત હવે મ્યુઝીક થેરપી નામની વૈકલ્પિક ચિકિત્સા પધ્ધતિ બનીને ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર અને કૅન્સરથી માંડીને અનેક માનસિક રોગોમાં રાહત આપવાનું કામ કરે છે... અને પરિણામે હવેના સમયમાં મ્યુઝીક થેરપી એક અલાયદો હેલ્થ પ્રૉફેશન બની ગઈ છે...

ગાંધીનગરના જાણીતા આયુર્વેદિક ડૉક્ટર કેદાર ઉપાધ્યાય કે જેઓ ગાંધીનગર સમાચારના કટાર લેખક પણ છે, પણ એથીય ઉમદા સંગીતજ્ઞ છે. ગાંધીનગરમાં યોજાયેલી સુપર સિંગર ઑફ સિટી સ્પર્ધામાં તેઓએ ગુરુ તરીકે સેવાઓ આપેલી છે. થોડા દિવસ પહેલાં પ્રદર્શિત થયેલી ગુજરાતી ફિલ્મ પ્રેમજીનું સંગીત પણ તેમણે આપેલું છે.

હમણાં ગુજરાત રાજ્ય સરકારની ઐતિહાસિક સ્થળોની ડૉક્યુમેન્ટ્રીમાં પણ એમનું કર્ણપ્રિય સંગીત સૌનું ધ્યાન ખેંચી રહ્યું છે.

ડૉ. કેદાર સાથે એવા જ સંગીતના ઉપાસક અને હોમિયોપેથ ડૉ. પાર્થ માંકડ અને રેડિયો મિર્ચિના આર જેના કારણે જે પ્રખ્યાત છે એવા ધ્વનિત ઠાકર એ ત્રણેય જણાએ મળીને અમદાવાદ ખાતે મ્યુઝીક થેરપી સૅન્ટર શરૂ કર્યું છે.... આર જે ધ્વનિત જેટલું મધુરું બોલીને રેડિયો સાંભળનારને આકર્ષે છે. એથીય વધુ એ સંગીતની સાધના કરે છે. એમનું ઐશ્વર્યા મઝમુદાર સાથેનું આલ્બમ યુવાનોમાં અતિપ્રિય અને યુટ્યુબ પર ધૂમ મચાવે છે. ધ્વનિતની એક નવી ફિલ્મ વિટામીન સી પણ આવી રહી છે... આ ત્રણેય સંગીતપ્રેમીઓ, જાણકારોએ ભેગા મળી મ્યુઝીક થેરપી સેન્ટરનો પ્રારંભ કર્યો છે જેના ઉદ્ઘાટન પ્રસંગે પદ્મશ્રી ડૉ. સુધીર શાહ, શિવાનંદ આશ્રમના સ્વામી આધ્યાત્માનંદજી અને સંગીત થેરપીના સ્કૉલર ડૉ. અર્પણ ભટ્ટ સાથે ગ્રામ્ય વિકાસના કમિશનર ડૉ. જયંતિ રવી હાજર હતાં જે બધા જ સંગીત સાથે સંકળાયેલાં છે.

સિતારમાં રાગ મિશ્ર કાફી સંભળાવ્યું જેનાથી મનમાં વિચારોની ગતિ પર સંયમ આવે છે. અકબરના દરબારમાં ૩૨ સંગીતજ્ઞોનું સ્થાન હતું... રાગ દેશના સાંભળવાથી બ્રૂફેન ગોળીનું એડિક્શન છૂટી ગયું જેવી અનેક રસપ્રદ વાતો આર જે ધ્વનિતના મુખે સૌને સાંભળવા મળતી નથી.

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં એવી તાકાત છે કે એ કુદરતી તત્ત્વો પર કાબૂ મેળવી શકે છે. દરેક વ્યક્તિએ અલગ અલગ રાગને ઉપચાર તરીકે અજમાવાય છે. એક જ રાગ દરેક વ્યક્તિને એક જ રોગમાં લાગુ નથી પડતો. સંગીતમાં એ શક્તિ છે કે સવારમાં સાંભળેલું પંડિત જસરાજનું ભજન આખો દિવસ આપણા મનમાં ગૂંજતું રહે છે. દરેક વ્યક્તિએ એનું મનગમતું સંગીત સાંભળવું જોઈએ જેવી વાત ડૉ. કેદાર ઉપાધ્યાયે કરી હતી.

આ પ્રસંગે એક વાત યાદ આવે છે કે મોટાભાગે રાત્રે રેડિયો પર ગીતો સાંભળતાં આપણને ઉંઘ આવે છે. આ સંગીતની જ અસર છે. અનિદ્રા હોય એમણે તો ખાસ હળવું શાસ્ત્રીય સંગીત સાંભળવું જોઈએ. જૂનાગઢના નયન વૈષ્ણવ નામના યુવાને સંગીતમાં મહામૃત્યુંજય મંત્રને સ્વરબધ્ધ કર્યો છે, જેનાથી ઘણા રોગોમાં રાહત મળ્યાના દાખલા સાથે એની કીર્તિ લિમ્કા બૂક ઑફ રેકર્ડમાં નોંધાઈ છે.

સંગીતમાં સાત સ્વર હોય છે, સારેગમપધનિ અને સાત સ્વરોના સંયોજનથી વિવિધ રાગો તૈયાર થાય છે. આપણા શરીરમાં સાત ચક્રો રહેલાં હોય છે. સંગીતના સૂરોની આ ચક્રો પર અસર થાય છે. કરોડરજ્જુની નીચે આવેલું મૂળાધાર ચક્રને રાગ કેદાર સાંભળવાથી જાગૃત કરી શકાય છે. જેનાથી માણસ એકદમ આનંદમાં રહે છે. બાળકને નાનપણથી જો ગીત ગાવામાં કે એકાદું ઈન્સ્ટ્રુમેન્ટ વગાડવાની તાલીમ આપવામાં આવે તો તેનામાં ધીરજ, શિસ્ત, ફોકસ અને કોન્સન્ટ્રેશનના ગુણો વિકસે છે.

મ્યુઝીક થેરપીને કારણે સ્કીત્ઝોફેનિયા, અલ્ઝાઈમર્સ, ડિપ્રેશન, મૂડ ડિસઓર્ડર જેવા માનસિક રોગો પર ઝડપથી કાબૂ મેળવાય છે... સેમિનારની અંદર ત્રણ થર્ડ પાર્ટી તાળી, ચપટી અને રાગ સાથે રાગ આહિર ભૈરવ ત્રણ વખત અલગ અલગ રીતે વગાડી એની અસર ચેક કરવામાં આવી હતી... મિલે સૂર મેરા તુમ્હારા એ રાગ ભૈરવી પર આધારીત છે અને એ યાદ કરીને કાર્યક્રમ સંપન્ન થયો.

સંગીતથી સંજીવનીનો આ સેમિનાર, ડૉ. કેદાર ઉપાધ્યાયનો આ શાસ્ત્રીય અભિગમ સાથે રોગ મટાડવાની થેરપી સૌને સ્પર્શીગઈ. આવનારા દિવસોમાં ડૉ. કેદાર, ડૉ. પાર્થ અને આરજે ધ્વનિત વધુમાં વધુ લોકોને મ્યુઝીક થેરપી તરફ વાળીને સ્વસ્થ જીવન જીવવાની જડીબુટ્ટી આપે તેવી શુભકામનાઓ... ત્રણેને શુભેચ્છા સંગીતની જ ભાષામાં આપીએ, 'સંગીત મન કો પંખ લગાયે, ગીતોં સે રીમઝીમ બરસાયે....'

